# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-08-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ખ્યાતિ પુરોહિત** વાંચે છે.

---

- કોલકતામાં મહિલા તબીબ પરના દુષ્કર્મ અને હત્યાના મામલે ન્યાયની માંગણી સાથે અમદાવાદ સહિત રાજ્યભરના તબીબોની હડતાળ
- કચ્છના દરિયા કિનારેથી માદક પદાર્થોના વધુ બે બિનવારસી પેકેટ ઝડપાયા
- આગામી તહેવારોને ધ્યાનમાં લઇને રાજકોટમાં સરકારી ગોડાઉનોની મંત્રી કુવરજી બાવળિયાએ ઓચિંતી મુલાકાત લઇને અનાજના નમૂનાની તપાસ કરી
- વડોદરા મહાનગરમાં રિંગરોડ નિર્માણ માટે ૩૧૬.૭૮ કરોડ રૂપિયાની રાજ્ય સરકાર દ્વારા ફાળવણી
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે 188 લોકોને નાગરિકતા પત્રો એનાયત કરશે

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Doctors Strike

કોલકત્તામાં મહિલા તબીબ સાથે થયેલા કથિત દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં આજે સમગ્ર દેશ તેમજ રાજ્યમાં તબીબો હડતાળ પર ઊતર્યા હતા.

અમદાવાદમાં આજે તબીબોએ વિશાળ રેલી યોજીને સૂત્રોચ્ચાર કરી ન્યાયની માંગણી કરી હતી.

ભાવનગરમાં પણ હડતાળ પર ઉતરેલા તબીબો દ્વારા કલેટરશ્રીને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

જ્યારે વલસાડ IMA સાથે સંકળાયેલી તમામ હોસ્પિટલના તબીબો તેમજ પ્રોફેસરોએ કાળી રીબીન બાંધી, OPD અને ઓપરેશનની કામગીરીથી અળગા રહીને વિરોધ નોંધાવ્યો હતો. હોસ્પિટલમાં માત્ર ઇમરજન્સી સેવાઓ જ ચાલુ રાખવામાં આવી હતી. તબીબોએ શહેરના મુખ્ય માર્ગો ઉપર રેલી કાઢી, જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી આરોપી સામે કડક કાર્યવાહી કરવા માંગ કરી હતી.

------------------

# KUVARJI BAVALIYA

રાજ્યના અન્ન, નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ આજે રાજકોટ ખાતે ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ગોડાઉન તથા રાજ્ય પૂરવઠા નિગમના સરકારી ગોડાઉનની ઓચિંતી મુલાકાત લીધી હતી. મંત્રીએ બંને ગોડાઉનમાં સ્ટોક, અનાજની ગુણવત્તા, પરિવહન સહિતની વિગતો જાણીને સમીક્ષા કરી હતી. જન્માષ્ટમીના તહેવારો પર સરકારી અનાજ-તેલના જથ્થાનું રાશનકાર્ડ ધારકોને

સમયસર વિતરણ થાય તે જોવા સંબંધિત અધિકારીઓને ખાસ સૂચના આપી હતી.

તેમણે વિવિધ ગોડાઉનોમાં જઈને ગોડાઉનમાં અનાજના સંગ્રહની સ્થિતિ, ઘઉં-ચોખાની ગુણવત્તા, સ્ટોકની સ્થિતિ વગેરેની જાણકારી મેળવી હતી. તેમણે ઘઉં, ચોખા, ચણા તેમજ તેલના ગોડાઉનનું રૂબરૂ નિરીક્ષણ કરીને ચણા-તેલના જથ્થાની ગુણવત્તાના માપન વિશે જાણકારી મેળવી હતી. તેમણે અનાજ-ચોખા-ચણાના નમૂનાની આકસ્મિક તપાસ પણ કરી હતી.

--------

## KUTCH DRUGS

ગુજરાતના દરિયાઇ વિસ્તારમાં ભારતીય નૌકાદળ અને સરહદી સલામતી દળોની બાજ નજરને કારણે હવે નશાકારક પદાર્થોની હેરાફેરી કરનારામાં ભય વ્યાપી ગયો છે. જેને કારણે આવા તત્વો દરિયાઇ વિસ્તારમાં જ નશાકારક પદાર્થોનો જથ્થો બિનવારસી હાલતમાં મૂકીને ફરાર થઇ જઇ રહ્યાં છે..જેના ભાગરૂપે કચ્છની દરિયાઇ સીમામાંથી ડ્રગ્સનો જથ્થો મળી આવવાનો સિલસિલો યથાવત રહ્યો છે.. કુંડી બેટ પાસેથી માદક પાદર્થના બે પેકેટ મળી આવ્યા હતા. આ બે પેકેટ સફેદ રંગના કોથળામાં મૂકવામાં આવ્યો હતો..અગાઉ પણ આ વિસ્તારમાં આવા જ ડ્રગ્સના પેકેટો મળી આવ્યા હતા. હાલમાં આ બંને પેકેટ કબજે કરીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . .

# VADODARA GRANT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરા મહાનગરમાં રિંગરોડ નિર્માણ માટે ૩૧૬.૭૮ કરોડ રૂપિયાની ફાળવણી સ્વર્ણિમજયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત કરી છે.

શહેરમાં રિંગરોડ ૬૬ કિ.મી. લાંબો અને ૭૫ મીટર પહોળાઈ સાથે નિર્માણ થવાનો છે. તેના પ્રથમ તબક્કામાં ૪૫ મીટર પહોળાઈ સાથેના ૨૭.૫૮ કિ.મી. લંબાઈના રિંગરોડ માટે મુખ્યમંત્રીએ આ રકમ ફાળવી છે. પરિણામે પૂર્વ વિસ્તારમાં ૧૦.૭૦ કિ.મી. અને પશ્ચિમ વિસ્તારમાં ૧૬.૮૪ કિ.મી. નું કામ હાથ ધરાશે.આ રોડને કારણે સ્ટેચ્યુ ઓફ યુનિટિ-એક્તા નગર તરફ જતા રસ્તા પરનું ટ્રાફિક ભારણ ઓછું થશે, અને મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે-૮ પરના વાહન વ્યવહારનો ટ્રાફિક પણ હળવો થશે.

----------------

# AMIT SHAH NAGRIK PATRA

દેશમાં લાગુ કરવામાં આવેલા સિટીઝન એમેડમેન્ટ એક્ટ (CAA) અંતર્ગત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે આવતીકાલે અમદાવાદ ખાતે ૧૮૮ વ્યક્તિઓને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.. જે વ્યક્તિઓએ પડોશી દેશોમાં દમનને કારણે ભારતમાં આશ્રય મેળવ્યો છે. તેમને નાગરિકતા પ્રદાન કરાશે.

પાકિસ્તાનના 22 વ્યક્તિઓ કે જેમણે દમનને કારણે ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાનાં મુળી તાલુકાના સરલા ગામમાં આશ્રય મેળવ્યો હતો, તેમને આ સમારોહમાં ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. આ અંગે પાકિસ્તાની શરણાર્થી પાંચાભાઈ વેલાભાઈએ પોતાની લાગણી વ્યક્ત કરી હતી.

(બાઇટ - પાંચાભાઈ વેલાભાઈ)

------------------

## AMIT SHAH TOMORROW SCEDUALE

કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રી અમિત શાહ આવતીકાલે અમદાવાદમાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ તેમજ ખાતમુહર્ત કરશે. શ્રી શાહ આવતીકાલે સવારે 9.45 કલાકે શહેરનાં થલતેજ ખાતે ઓક્સિજન પાર્ક અને તળાવનું લોકાર્પણ કરી કાર્યક્રમની શરૂઆત કરશે. ત્યારબાદ હરિયાળી લોકસભા હેઠળ વેજલપુરમાં મિશન મિલિયન ટ્રી યોજના હેઠળ વૃક્ષારોપણ, મકરબા ખાતે નવનિર્મિત સ્વિમિંગ પુલ અને જીમ્નેશિયમનું લોકાર્પણ કરશે. ત્યારબાદ પ્રહલાદનગરમાં અમદાવાદ મહાનગરપાલિકાના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહર્ત અને લોકાર્પણ અને બોડકદેવ ખાતે CAA નાગરિકતા પ્રમાણપત્ર વિતરણનાં જાહેર કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત નારણપુરા વિધાનસભામાં નવનિર્મિત મામલતદાર કચેરીનું લોકાર્પણ અને સાંજે 6.30 કલાકે શ્રી શાહ સુભાષ બ્રીઝ નજીક નારણપુરામાં કાર્યકર્તા સંમેલન યોજશે.

-----------------

## BANAS DAIRY BHAVFER

એશિયામાં સૌથી વધુ દૂધ સંપાદન માટે જાણીતી બનાસ ડેરીની આજે 56મી વાર્ષિક સાધારણસભા દિયોદરમાં આવેલ સણાંદર ડેરી સંકુલ ખાતે યોજાઈ હતી. જેમાં વાર્ષિક એક કરોડથી વધુનું દૂધ ભરાવનાર પશુપાલક બહેનોનું વિશેષ કરાયું હતું. ગત વર્ષે ડેરીએ 1952 કરોડ રૂપિયા ભાવફેર રૂપે ચૂકવ્યા હતા, આ વર્ષ મંદીનું હોવા છતાં ડેરીએ પશુપાલકોને 1973 કરોડનો ભાવફેર ચૂકવવાનો એતિહાસિક નિર્ણય કર્યો છે. જે ટકાવારીની દ્રષ્ટિએ 18.50 ટકા જેટલું થાય છે. દૂધના ભાવફેર અંગે બનાસ ડેરીનાં  ચેરમેન તેમજ વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઇ ચૌધરીએ આ મુજબ જણાવે છે.

(બાઈટ - શંકરભાઇ ચૌધરી - ચેરમેન, બનાસ ડેરી તેમજ વિધાનસભા અધ્યક્ષ )

-----------------

## STEM QUIZ

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગુજકોસ્ટ તેમજ વિજ્ઞાન અને ટેકનોલોલોજી વિભાગ દ્વારા યોજાતી ત્રીજી આવૃત્તિમાં આ વર્ષે દેશભરમાંથી 10 લાખથી વધુ વિદ્યાર્થીઓની વિક્રમી નોંધણી થઈ છે.

ગાંધીનગરમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના અગ્ર સચિવ મોના ખંધારના હસ્તે આજે સ્ટેમ ક્વિઝના પ્રશ્નોના ગુજરાતી અને અંગ્રેજી પુસ્તકો (ક્વેશ્ચન બેંક) નું વિમોચન કરવામાં આવ્યું. આ પ્રસંગે સુશ્રી ખંધારે આ સિદ્ધિ

બદલ ગુજકોસ્ટને શુભેચ્છાઓ પાઠવી અને કહ્યું કે આ ક્વિઝનો ઉદ્દેશ્ય શાળાના બાળકોમાં વિજ્ઞાન ટેકનોલોજી ગણિત જેવા વિષયો અંગે રુચિ નિર્માણ કરવાનો છે. સ્ટેમ ક્વિઝના ત્રીજા આવૃત્તિ અંગે તેમણે આ મુજબ વિગત આપી

(બાઈટ - મોના ખંધાર)

-----------------------

## NEWS IN BRIEF

**હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

- બનાસકાંઠા જિલ્લાના ડીસા અને ભીલડી તાલુકાના ગામડાઓમાં પ્રાકૃતિક ખેતી અંગેની તાલીમ યોજાઇ હતી, જેમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગેનું માર્ગદર્શન અપાયું
- બોટાદ જિલ્લા ડાયમંડ એસોસિએશન દ્વારા હનુમાનજી દાદાને ધજા ચડાવી મંદી માંથી મુક્તિ મેળવવા પ્રાર્થના કરવામાં આવી હતી.
- મહીસાગર ખાતે પશુસખીઓ માટે એ-હેલ્પ તાલીમ યોજાઈ..તાલીમ દરમિયાન પશુસખીઓને પશુ આરોગ્ય, પશુ પોષણ, પશુ પ્રજનન અને દૂધની ગુણવત્તા સુધારણા જેવા વિષયો પર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.
- કેન્દ્રશાસિત પ્રદેશ સેલવાસ ખાતે બાર કાઉન્સિલ ઓફ મહારાષ્ટ્ર, ગોવા અને દાદરા નગર હવેલી, દમણ, દીવના સંયુક્ત ઉપક્રમે સંવિધાન અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી કાર્યક્રમમાં સિવિલ એન્ડ ક્રિમિનલ હેન્ડબુકનું વિતરણ કરવામાં આવ્યું.

- કાયદાની કોલેજોમાં અટકેલી પ્રવેશ પ્રક્રિયાને લઈને એબીવીપી દ્વારા રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શન કરાયું હતુ  પાટણ અને અરવલ્લીમાં આવેદનપત્ર અપાયું હતું.
- ગુજરાતના ખનીજ સંશોધને વેગવંતુ બનાવવા માટે ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશ્નરની કચેરી દ્વારા ગાંધીનગર ખાતે એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો

-------------